CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૦૭ જૂન, ૨૦૨૪

છેલ્લા દસ-પંદર દિવસથી આપણને શહેરના ટ્રાફિક સિગ્નલ પર વાહન ચાલકો ટ્રાફિક પોલીસની ગેરમોજૂદગી છતાં શિસ્તબદ્ધ રીતે સ્વયંભૂ ઊભા રહી જાય છે તે દ્રશ્ય જોવા મળી રહ્યા છે ત્યારે ઘણા લોકોના મનમાં સવાલ થાય છે કે આ સુરત જ છે ને! આમ તો અત્યાર સુધી સૌથી ખરાબ ટ્રાફિક સેન્સવાળા શહેરનું મ્હેણું સુરતના માથે હતું. મુંબઈની જેમ સુરતીઓ પણ હવે ધીરે ધીરે ટ્રાફિક નિયમોને પાળી પોતે પણ સ્માર્ટ બન્યા હોવાની છબી ઊભી કરી રહ્યા છે. આનો શ્રેય સુરતના નવા પોલીસ કમિશનરને આપવો જ પડે. પોલીસ કમિશનર તરીકે અનુપમસિંહ ગેહલોતે ચાર્જ સંભાળ્યા પછી તેમણે પહેલું પગલું લીધું તે ટ્રાફિક નિયમનનું. સુરત મીની ભારત ગણાય છે અહીં ધંધા- રોજગાર માટે લોકો દેશના ખૂણે ખૂણેથી આવીને વસ્યા છે એટલે વસ્તી વધવાની સાથે વાહનોની સંખ્યા વધવાને કારણે ટ્રાફિકની સમસ્યા વકરી છે લોકો આડેધડ ગાડી હંકારી રહ્યા છે તેમને કાબૂમાં લેવા ટ્રાફિકની સમસ્યા હળવી કરવા શહેરના દરેક ટ્રાફિક પોઇન્ટ પર સિગ્નલ લગાવાયા છે. આજ સુધી પબ્લિક ફોલો નહોતી કરતી પરંતુ જ્યારે હવે એ ફોલો કરે છે ત્યારે શહેરમાં ટ્રાફિક નિયમન ક્ષેત્રે હજુ શું નવા ફેરફાર આવી રહ્યાં છે અને તેનાથી સુરતના ટ્રાફિકનો શું ફરક પડશે તે જાણીએ.....



## ટ્રાફિક સિગ્નલ્સની કમાલ

# સ્વયંભૂ શિસ્તબધ્ધ બની સુરતીઓ ભાંગી રહ્યાં છે સૌથી ખરાબ ટ્રાફિક સેન્સવાળા શહેરનું મ્હેણું

### ટ્રાફિક સિગ્નલને કારણે વાહનોની સ્પીડ પર કન્ટ્રોલ આવી રહ્યો છે: પૃથા દેસાઈ



21 વર્ષની પૃથા 4 વર્ષથી ટુ વ્હીલર ચલાવે છે. તેણે જણાવ્યું કે હવે સિગ્નલ મુકાયા છે તો એક્સિડન્ટ થવાની સંભાવના ઘટી છે. સિગ્નલ પર લાગેલા સિક્યોરિટી કેમેરાને કારણે હું રસ્તા પર સલામતી અનુભવું છું. ટ્રાફિક સિગ્નલના લીધે વાહનોની સ્પીડ કન્ટ્રોલમાં આવી રહી છે. લોકોને ઝીબ્રા ક્રોસિંગ પરથી રસ્તો ક્રોસ કરવા માટે આસાની થાય છે. ટ્રાફિકની સ્થિતિ સુધરી હોવાથી હવે મને લાગે છે કે હવે મારું શહેર સ્માર્ટ બની ગયું છે. ટ્રાફિક સિગ્નલ મુકાવાના ઘણા ફાયદા લોકોને થઈ રહ્યા છે.



### શહેરમાં 276 ટ્રાંફિક પોઇન્ટ પર 222 સિગ્નલ લાગ્યા છે 54 પર નથી લાગ્યા

આખા શહેરમાં અલગ અલગ જગ્યાઓ પર 276 ટ્રાફિક જંક્શન છે. જેમાં 222 પર સિગ્નલ લાગી ગયા છે. જ્યારે 54 જગ્યા પર સિગ્નલ નથી. તેમાં 36 જગ્યા પર સિગ્નલ નથી લાગ્યા એનું કારણ મેટ્રોની અને ફ્લાય ઓવર બ્રિજની ચાલતી કામગીરી છે. જ્યારે 18 સિગ્નલ એટલા માટે નથી લાગ્યા કારણકે ડાયવર્ઝન અને સર્કલને કારણે જગ્યા નાની પડતી હોવાથી સિગ્નલ નથી લાગી શકતા.



### સુરતીઓ ધીરજ રાખે, સિગ્નલો પર વધુ સમય ઊભા રહેવું પડશે નહીં: પો.કમિ. અનુપમસિંહ ગેહલોત



સુરતના પો.કમિ. અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, સુરતમાં જે રીતે સુરતીઓ ટ્રાફિકના સિગ્નલોનું પાલન કરતાં થઈ ગયા છે તે સરાહનીય છે. સુરતનો વિકાસ બેમિસાલ છે ત્યારે આ શહેરમાં લોકોમાં ટ્રાફિક સેન્સ નહીં હોય તે માની શકાય તેમ નથી. ગણતરીના દિવસોમાં જ લોકો ટ્રાફિકના નિયમો પાળતા થઈ ગયા છે. સુરતની વિકરાળ ટ્રાફિક સમસ્યાને કારણે હાલમાં પોલીસ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે અને હાલમાં શરૂઆતના તબક્કે બની શકે કે લોકોએ થોડી તકલીફ ભોગવવી પડે પરંતુ સુરતીઓ ધીરજ રાખે, આગામી દિવસોમાં તેમને તકલીફ પણ નહીં પડે અને ટ્રાફિકના નિયમોનું પણ પાલન થાય તેવું આયોજન કરવામાં આવશે. હાલમાં અત્યાધુનિક સીસ્ટમ ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે ઈન્સ્ટોલ કરાઈ રહી છે. જેથી બે જ માસમાં સુરતીઓ ટ્રાફિકના નિયમો પાળવામાં અવ્વલ થઈ જશે. કાયદાની કડકાઈથી નહીં પરંતુ સમજાવટથી સુરતીઓમાં ટ્રાફિક સેન્સ કેળવવામાં આવશે.

### વારંવાર સિગ્નલ પર 60થી વધારે સેકન્ડ ઊભા રહેવાથી ગરમીમાં વધારે હેરાન થવાય છે: અભી ઠાકર



12-13 વર્ષથી બાઈક ચલાવતા અભી ઠાકરનું કહેવું છે કે 500-500 મીટરના અંતરે સિગ્નલને કારણે હવે વધારે ટ્રાફિક થવા લાગ્યો છે અને સમય પણ વેસ્ટ થાય છે. નાના ટ્રાફિક સિગ્નલ પર પણ 60થી વધારે સેકન્ડ ઊભા રહેવાને કારણે અત્યારે ગરમીમાં વધારે હેરાન થવાય છે. સિગ્નલ મૂકતા પહેલાં પબ્લિકનો અભિપ્રાય લેવો જોઈતો હતો. હું ઉમરા બ્રિજથી એલ.પી. સવાણી જાઉં તો મને વચ્ચે 3 નાના ટ્રાફિક પોઈન્ટ પર ઊભા રહેવું પડે છે એટલે મને મારા ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં હવે વધારે સમય લાગે છે.

### AI સોફ્ટવેરનો પણ થશે ઉપયોગ

કેટલાક સિગ્નલ પર સિગ્નલ ચાલુ બંધ રહેવાના સમયમાં વિસંગતતાના નિવારણ માટે AI સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે. CCTV કેમેરા સાથે આ સોફ્ટવેર એટેચ થશે. સિગ્નલ પર કેટલા વાહનો છે તે જોઈ સમય નક્કી કરશે જેથી લોકોને ખોટી રીતે ઊભા નહીં રહેવું પડે. વળી, નિયમોના ભંગ કરનાર પણ પકડમાં આવી જશે.



### ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા 62 કરોડના ખર્ચે લગાવ્યાં છે સિગ્નલ

સુરતમાં ટ્રાફિકની સમસ્યા દિવસે ને દિવસે વકરી રહી હતી. નિયમોનું ઉલ્લંઘન કરવા ટેવાયેલા કેટલાક વાહન ચાલકો લાલ લાઈટ ચાલુ થાય તો પણ વાહન સ્ટોપ કરવાને બદલે ટ્રાફિક પોલીસને હાથતાળી આપી વાહન હંકારી દેતા હોય છે. આવા વાહન ચાલકો પર લગામ કરવા અને ટ્રાફિક સમસ્યાનું નિવારણ લાવવા 62 કરોડ રૂપિયાના ખર્ચે શહેરના લગભગ બધા જ ટ્રાફિક પોઈન્ટ પર ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમ એક જૂનથી શરૂ થઈ ગઈ છે.

### સાઉન્ડ સિસ્ટમના માધ્યમથી પણ ટ્રાફિકના નિયમોને લઈને જાગૃતિ લાવવામાં આવી

શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોને લઈને લોકોમાં અવેરનેસ આવે એટલા માટે ટ્રાફિક પોલીસ અધિકારીઓ દ્વારા અલગ અલગ ટ્રાફિક પોઈન્ટ પર જઈને પોલીસને આપવામાં આવેલી સાઉન્ડ સિસ્ટમના માધ્યમથી લોકોને ટ્રાફિકના નિયમો ફોલો કરવા સમજ આપવામાં આવી.

### ટ્રાફિક સિગ્નલથી નિયમનના ફાયદા

- ટ્રાફિકનો પ્રવાહ સુવ્યવસ્થિત થશે
- રોડના જંક્શન પર પીક-અવર્સના ટ્રાફિક વખતે પણ અંધાધૂંધી નહીં સર્જાય
- ટ્રાફિક સંચાલનને કારણે જંક્શન પર થતાં અકસ્માતો ઘટશે. રસ્તાઓ પર લડાલડી, ઘોંઘાટ, બોલચાલી, કકળાટના દ્રશ્યો ઘટશે
- સિગ્નલિંગ અને કેમેરા સિસ્ટમ એક્ટિવ હશે તો રોંગ સાઇડ હંકારવું, ટ્રિપલ સવારી, ડ્રાઇવ કરતાં ફોનનો ઉપયોગ જેવા અન્ય ટ્રાફિક ઉલ્લંઘનો પણ ઘટશે
- અને આના અન્ય આડ લાભ તરીકે શહેર તરીકે સુરતની છાપ અને બહારથી આવનારા લોકોની નજરમાં શહેરની છબી ધરખમ રીતે સુધરશે.

### વાહનચાલક એક સ્પોટ પર ટ્રાફિકના નિયમનો ભંગ કરે ત્યારથી જ તેને ટ્રેક કરાશે

સુરતમાં ટ્રાફિક પોલીસ દ્વારા CCTV કેમેરાનો ઉપયોગ કરીને AI સોફ્ટવેર દ્વારા ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારને પકડવા માટેની તૈયારીઓ કરી દેવામાં આવી છે. વાહનચાલક એક સ્પોટ પર ટ્રાફિકનો ભંગ કરશે ત્યારથી પોલીસ કંટ્રોલરૂમ દ્વારા તેને ટ્રેક કરવામાં આવશે અને બીજા સ્પોટ પર પણ ટ્રાફિકના નિયમો ભંગ કરશે તો કંટ્રોલરૂમથી જ તે વાહનચાલકને પકડી લેવા માટે ટ્રાફિક પોલીસને જાણ કરવામાં આવશે. આવી રીતે વારંવાર ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારની યાદી બનાવવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરીને તેને જેલના સળિયા પાછળ પણ ધકેલી દેવામાં આવશે.

FOOD ફંડા

સુરતીઓ આમ તો સ્વભાવે ખૂબ મોજીલા અને જો સાથે સ્વાદિષ્ટ ભોજન મળે તો પૂછવું શું. સુરતીઓ હરવા ફરવાના શોખીન પણ ખરાજ. આજકાલ ધંધાર્થે કે રજાઓ ગાળવા સુરતીઓ ફક્ત ઈન્ડિયામાં નહીં પણ વિદેશ પણ ઘણું જઈ રહ્યા છે. યુરોપ પણ હોલીડે ડેસ્ટીનેશન તરીકે ખાસ્સું પસંદ કરવામાં આવી રહ્યું છે. સાથેજ ત્યાં ખાધેલી ફૂડ આઇટમ સુરતીઓ અહીં પણ શોધે છે. આજે સુરતમાં ઘણા કાફેમાં યુરોપિયન સ્નેક્સ ખૂબ સુરતીઓ રેલીશ કરી રહ્યા છે. બેલ્જિયમના વૉફલ, ગ્રીસની ચીઝકેક વિગેરે તો ખૂબ જાણીતા થઈજ ગયા છે પરંતુ હવે મૂળ પોલેન્ડના બેગલ, ફ્રાન્સના ક્રોસોં, સ્પેઈનના ચુરોસ, સ્વિસ રોલ પણ હવે શહેરનાં કાફેઝને મોડર્ન ઈટરીઝના ખૂબ મળતા થયાં છે.તો ચાલો આપણે અહીં જાણીએ આ સ્નેક્સ વિશે ટેસ્ટી વાતો....




## પોલિશ બેગલ્સ, ફ્રેન્ચ ક્રોસોં અને સ્પેનિશ ચુરોસ

# સુરતના કાફેઝમાં ધૂમ યુરોપિયન બેકરી ફૂડ્સની ધૂમ

### રાઉન્ડ શેપના બેગલનો ટેસ્ટ યંગ જનરેશનને વધારે યમ્મી લાગે છે

આપણે ત્યાં યુરોપિયન બેકરી પ્રોડક્ટમાં ડીફરન્ટ ટાઈપના બ્રેડ વધારે ખાવાનો ટ્રેન્ડ છે. તેમાં બેગલ સેન્ડવીચ જે મૂળ પોલેન્ડની છે તેનો ટેસ્ટ સુરતના યંગસ્ટર્સને વધારે યમ્મી લાગી રહ્યો છે. તે રાઉન્ડ શેપમાં હોય છે અને વચ્ચે હોલ હોય છે તેની અંદર નીચેની સાઈડમાં લેટસ, ડિફ્રન્ટ સોસીસ અને ઈંગ્લીશ વેજીટેબલ હોય. સુરતમાં તે વધારે સ્પાઈસી અને ચિઝી બનાવાય છે.



### હાઈ-ટીમાં પીરસાય છે સ્વિસ રોલ

સ્વિસ રોલ એ સ્વિડનની બેકરી પ્રોડક્ટ છે. તે કેકનો સ્પંજ છે. તેમાં ફ્રૂટ્સ, ફ્રુટ જેમ ફિલિંગ કરાતા હોય છે. તેના ટાઈટ રોલ વાળી ફ્રીઝ કરાય છે પછી એક એક ઈંચમાં તેનું કટિંગ થાય છે. સ્વિસ રોલ હાઈ-ટીમાં સર્વ કરાય છે. કાફેમાં તે કોફી સાથે સર્વ કરાય છે.

### ક્રોસોંની ડિઝાઇન હોય છે યુનિક અને ઓવર શુગરી નથી હોતું

ક્રોસોં ફ્રેન્ચ પેસ્ટ્રી છે તે બટર અને હની સાથે ખવાય છે. તે અંદરથી સોફ્ટ અને ઉપરથી ક્રન્ચી હોય છે. જો તે વધારે કોન્ટિટીમાં બનાવાય તો મોટા ઇક્વિપમેન્ટની જરૂર પડે અને ઓછી કોન્ટિટીમાં બનાવવાનું હોય તો હાથથી પુષ્કળ મસાજ અપાય છે. તેનો શેપ યુનિક હોય છે વળી તે ઓવર શુગરી નથી હોતી.



### સુરતીઓને નવો ટેસ્ટ ટ્રાય કરવો હોય છે, યંગસ્ટર્સ વધારે કરે છે ડિમાન્ડ: સ્નેહા ઠક્કર




શહેરના જાણીતા શેફ સ્નેહાબેને જણાવ્યું કે લોકો ટ્રેડિશનલ ફૂડ તો ખાતા જ હોય છે પણ સાથે તેમને નવો ટેસ્ટ ટ્રાય કરવો હોય છે. વળી, લોકો હવે બિઝનેસને કામે કે પછી ફરવા ઘણું વિદેશ જતા હોય છે. ત્યાં આવું ફૂડ ટેસ્ટ કરતા હોય છે બાદમાં તેઓ દેશમાં પાછા ફરે એટલે આવા ફૂડ પ્રોડક્ટની ડિમાન્ડ કરે છે એને કારણે યુરોપિયન બેકરી પ્રોડક્ટ આપણા સુરતમાં પણ મળતી થઈ છે. બેગલ્સ, ક્રોસોં, અને સ્પેનિશ ચૂરોસ યંગસ્ટર્સમાં વધારે પોપ્યુલ થઇ રહ્યાં છે. જોકે, યુરોપિયન કન્ટ્રીમાં તેનો ટેસ્ટ ફિક્કો હોય છે તેને આપણા દેશમાં આપણા સુરતમાં આપણા લોકોને ભાવતા ટેસ્ટનો ટચ આપવામાં આવે છે.